જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૦૧/૨૦૨૫ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૧૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૭૭ લીટર દેશી દારૂ અને ૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૮૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૧૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૧૮/૨૦૨૫**

**સાયબર ક્રાઇમઃ** સુનિલ ભગવતિપ્રસાદ ઉપાધ્યાય (ઉ.વ.૫૭) (રહે. વિશ્વાસ એપાર્ટમેન્ટ ગુલાબ ટાવરની બાજુમાં સોલા રોડ સોલા) એ તા.૨૪/૦૧/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૧/૨૦૨૫ કલાક ૯/૧૫ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર +૧૮૮૮૪૭૯૯૩૬૫ ના ધારકે સુનિલ ઉપાધ્યાયને ફોન કરી પોતાની ઓળખ ટ્રાઇ ડીપાર્ટમેન્ટમાંથી રાજેશકુમાર ચૌધરી વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે તમારા મોબાઇલ નંબરથી ચાઇલ્ડ પોર્નોગ્રાફી તેમજ બીજી અન્ય ઇના લીગલ એક્ટીવીટીની કમ્પલેન થયેલ છે અને તમારી વિરૂધ્ધ નાસીક પોલીસ કાર્યવાહિ કરવાની છે તેમ જણાવી તેમજ વોટસઅપ નંબર ૯૧૮૪૦૦૮૭૨૪૯૭ ના ધારકે વિડીયો કોલ કરી પોતાની ઓળખ પોલીસ અધિકારી તરીકે આપી સુનિલ ઉપધ્યાય વિરુધ્ધમાં એફ.આઇ.આર. થયેલ છે અને ધરપકડ કરવાની છે તેમ કહી તેમજ ઉચ્ચ પોલીસ અધિકારી સાથે વાત કરો તેમ કહી અન્ય વ્યક્તિ સાથે વાત કરાવતા તે વ્યક્તિએ બનાવટી એફ.આઇ.આર. તેમજ બનાવટી સુપ્રિમ કોર્ટની નોટીસ મોકલી ડરાવી સુનિલ ઉપાધ્યાયના બેન્ક ખાતાની માહિતી મેળવી લઈ સુનિલ ઉપાધ્યાયના બેન્ક ખાતામાં રહેલ રકમ ઇન્વેસ્ટીગેશનના ભાગરૂપે ટ્રાન્સફર કરવાનુ જણાવી ઇન્વેસ્ટીગેશન કરી દિન–૩ માં તે નાણાં રીફંડ મળી જશે તેવો ભરોસો આપી સુનિલ ઉપાધ્યાયના ખાતામાંથી તેઓના બેંક ખાતામાં રૂપિયા ૧૫,૨૦,૨૫૩/– આર.ટી.જી.એસ. મારફતે ભરાવડાવી તે નાણાં રીફંડ નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ટી.આર.ગઢવી ચલાવે છે.

**અપમૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૧૧૯/૨૦૨૫**

**રામોલઃ** સી.ટી.એમ.પ્રકાશ એસ્ટેટ બી/૧ જય માતાજી એન્ટર પ્રાઇઝ ખાતે કારખાનામાં મશીન ઓપરેટર તરીકે કામ કરતા વિજય કલ્યાણભાઇ સોલંકી (ઉ.વ.૩૩) (રહે. શિતલનગર લાઇન નંબર–૧૦ અમરાઇવાડી પોસ્ટ ઓફીસ સામે અમરાઇવાડી) તા.૨૩/૦૧/૨૦૨૫ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે કારખાનામાં પાવર પ્રેસનુ મશીન ચાલુ કરી સબ મર્સીબલ પંપના પતરાનુ કટીંગ કરતા હતા ત્યારે મશીનનો બોલ્ટ તુટતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને દેવમ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૧/૨૦૨૫ કલાક ૫/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી.જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૧૨૦/૨૦૨૫**

**બાપુનગરઃ** દેવેન્દ્ર મહેશભાઇ ગોયલ (ઉ.વ.૨૭) (રહે. અક્ષરધામ ફ્લેટ, ડી–માર્ટ સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૧/૨૦૨૫ કલાક ૧૦/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.આર.અમીન ચલાવે છે.

**રામોલઃ** (૧) રામોલ મુખી પેટ્રોલ પંપ સામે મદનીનગર રોડ કે.જી.એન.ફાયર વુડ ખાતે કામ કરતા અને ત્યાં જ રહેતા ધનપાલ લાલશંકર ડિન્ડોર (ઉં.વ.૨૨) (મુળ વતન.વોર્ડ નં–૭ ગામ–ધનગાવ જી–ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૧/૨૦૨૫ રાતના ૧૦/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ઓરડીના છતના ભાગે લોખંડના એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી.જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

**રામોલઃ** (૨) વસ્ત્રાલ મેટ્રો પિલ્લર નંબર–૧૦૬ સામે ગંગારામની ચાલી ખાતે રહેતા કિરણભાઈ રાવળ નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિષ્ણુભાઇ હિરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી